# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૮/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## નવી ઔદ્યોગિક પોલિસી બનાવવા માટેની ટાસ્ક ફોર્સ કમિટીમાં ચેમ્બર તથા દરેક ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધીઓને સમાવી તેમના સૂચનોને ધ્યાનમાં લેવામાં આવે તેવી ચેમ્બરની રાજયના ઉદ્યોગ કમિશનર સમક્ષ રજૂઆત

સુરતઃ ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ આજરોજ ગાંધીનગર ખાતે રાજયના ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા, એમએસએમઇ કમિશનર શ્રી યોગેશ નિરગુડે, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ વિભાગના ડાયરેકટર શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી અને સુશ્રી સ્વેતા ટીઓટીયા તથા અન્ય અધિકારીશ્રીઓ સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, રાજયની નવી ઔદ્યોગિક પોલિસી બનાવવા માટે રાજયના ઉદ્યોગ કમિશનરે આગામી પંચવર્ષીય ઉદ્યોગ નીતિ બનાવવા માટે આજરોજ ગાંધીનગર ખાતે બેઠક કરવામાં આવી હતી. ટેક્ષ્ટાઇલ પોલિસી માટે ૧૦ જેટલી ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવી રહી છે. આ ટાસ્ક ફોર્સની દરેક કમિટીમાં ચેમ્બર, ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ તથા અન્ય ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધીઓનો સમાવેશ કરવામાં આવે તેમ ચેમ્બર દ્વારા ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્માને રજૂઆત કરવામાં આવી હતી. ઉદ્યોગ કમિશનરે દરેક ટાસ્ક ફોર્સ કમિટીમાં ચેમ્બર તથા દરેક ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધીઓનો સમાવેશ કરવામાં આવશે તેમજ પોલિસી માટે તેઓના સૂચનોને ધ્યાનમાં લેવાશે તેવી ખાતરી આપી હતી.

ખાસ કરીને ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ તથા અન્ય ઇન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ અને નિષ્ણાંતોના સૂચનો માટે સુરત ખાતે ઓપન ફોરમમાં ઉદ્યોગ કમિશનર તેમજ અધિકારીશ્રીઓને પધારવા માટે ચેમ્બરે આમંત્રણ આપ્યુ હતુ. જેનો પણ સ્વીકાર ઉદ્યોગ કમિશનરે કર્યો હતો.

નવી ઔદ્યોગિક પોલિસી બનાવતા પહેલા વેપાર – ઉદ્યોગના જૂના પડતર પ્રશ્નોનું પણ સરકાર દ્વારા નિરાકરણ લાવવામાં આવે તેવી પણ રજૂઆત ચેમ્બરે ઉદ્યોગ કમિશનરને કરી હતી. સાથે જ ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગમાં મંદીના સમયમાં જટીલ બનતા જઇ રહેલા લેબરના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર દ્વારા આ મુદ્દાનો પણ પોલિસીમાં સમાવેશ કરવામાં આવે તેવી ચેમ્બરે રજૂઆત કરી હતી.